મેં જે ભોગવ્યું છે, તે હું ગુમાયો છું.

શ્રી ડંકપુરાણ

(ભક્તરાજ બોડાણાજીનું જીવનચરિત્ર સંગીતમાં.)

તથા

મહારાજાધિરાજ શ્રી રણછોડરાય પ્રભુના દરબારમાં ઉજવાતા બાર માસના ઉત્સવો, અને માનસીક પુજાનું અષ્ટક સંગીતમાં.

(સોરઠી–ગઝલ.)

ભક્તિ રસાળી મીષ્ટ પ્યાલી, ખંતથી પીવા દીયો;
રણછોડની ગઝલો અમોને, પ્રેમથી ગાવા દીયો.
કદિ માન આપો તોય શું, નિંદા કરો તો શું થયું;
ભજવા નક્કી રણછોડજી, નવ કોઈની પરવા કરૂં.

રચનાર,

કવી કેશવલાલ વિ. ત્રીભોવનદાસ (કુંડલાકર).

પ્રકટ કર્તા,

કવી કેશવલાલ વિ. ત્રીભોવનદાસ (કુંડલાકર)
મુ. ડાકોર–ઠે. સ્ટેશનરોડ.

આવૃત્તિ ૧ લી. સંવત ૧૯૭૨. પ્રત ૨૦૦૦.

કિં. રૂ. ૦–૧–૦.

મેં જે દાન કર્યું છે, તે મારી પાસે છે.



શ્રી ગણેશાય નમઃ **શ્રી શારદાય નમઃ**

(ગિતિ) ગજમુખ દેવ ગણેશા, મયુરાસન કરનારી,
વિઘ્ન નિવારણ છો મંગલ બંધૂ; સરસ્વતી તું છે કરૂણા સિંધૂ;

"मंगल पुष्पांजली."

(રાગ—ધન્યાશ્રી.)

કરજો અમારી સ્હાય, દયાળુ દાતા, કરજો અમારી સ્હાય.
ગજમુખધારી બ્રહ્મા કુમારી, ગવરી સાવીત્રિ માય,—દયાળુ૦
મૂશક વાહના મયૂર વાહિની, થાય પ્રથમ પૂજાય,—દયાળુ૦
પૂજન અરચન મનથી કરૂં હું, મંત્ર ન જાણું જરાય,—દયાળુ૦
શંકર સૂતને અષ્ટધા નારી, કુંવારી બ્રહ્મા સુતાય,—દયાળુ૦
સુખનિધી આપે ઇશ ગણેશા, વિઘ્ન નિવારણ રાય,—દયાળુ૦
બુદ્ધિ દેનારી વીણા ધારી, પવીત્ર છે જગમાંય,—દયાળુ૦
રૂમઝુમ કરતી વીશ્વમાં ફરતી, કરતી ઘણાનો ઉદ્ધાર,—દયાળુ૦
જ્ઞાન તણાં તું ચક્ષુ ખુલાવે, મોક્ષ પદેજ પમાય,—દયાળુ૦
ગુનૂપતી દાતા શારદા માતા, કેશવ યાચું સ્હાય,—દયાળુ૦

માયાની બીછાવેલ જાળમાંથી બચવા.

(સોરઠી—ગઝલ—હરિગીત છંદમાં પણ ગવાશે.)

ભરકૂપમાં જ્યમ રેંટ ઘટ, ઠલવાય નેજ ભરાય છે,
જગકૂપમાં તે રેંટ સમ, જન્માય નેજ મરાય છે;
ભટકયો ભવાબ્ધી જાળમાં, ભવમાંહિ જીવ ભમાય છે,
ભક્તિ તણા શુભ નાવથી, ભવસાગરેજ તરાય છે. ૧
ત્યાસીજ વર્ષ કરીજ ભક્તિ, દ્વારિકા માંહી જઈ,
લાવ્યો બોડાણો શ્રી હરી, તે દ્વારિકામાં જાણ થઈ;
દ્વિજ ગુગળી હલ્લો કરી, તે ભક્ત પાછળ થાય છે,
ભક્તિ તણા સદ્‌ભાવથી, વ્હાલા પ્રભુ રીઝાય છે. ૨
દ્વિજ ગુગળીની વીનતીથી, શ્રી હરી તુળીત થયા,
તુલ્સીની ભાર સુવર્ણ લઇ, નીરાશ થઈ વીપ્રો ગયા;
પધરાવીયા ભક્તે પ્રભુને, ગુણ આજ ગવાય છે,
ભક્તિ તણા શુભ નાવથી, ભવ સાગરેજ તરાય છે. ૩
આજે નક્કી કાલે નક્કી, કાળે નક્કી કલ્પે નક્કી,
મહા કાળનો પણ કાળ આ, સંસારની પીસે ચક્કી;
પ્રાણી સહુ ક્ષણ માત્રમાં, દાણા રૂપી ઓરાય છે,
ઈશ ભક્તિ રૂપી ખીલથી, પદ મોક્ષનુંજ પમાય છે. ૪
નિંદ્રા ત્યજો મનને સજો, ધર્મી થજો સહુ જાગજો;
નિશદીન જો ઇશને ભજો, ઇશનીજ ભક્તિ માગજો;
કળી કાળની આ જાળમાં, કૂકૃત્યથી રખડાય છે,
કેશવ પ્રભુના નાવ વિણ, ભવસાગરે ન તરાયરે. ૫

પ્રભુનો ભક્તિ ગઢ બાંધો.

(મ્હેતાજીરે શું મહિમૂલ બતાવું—એ તર્જની ઢબ.)

ગઢ બાંધોરે ભક્તિ તણા સહુ ભાઈ, જુઓ શત્રુ સેન ઘેરાઇ.
નીચ કૃત્યો કામ કરાવેરે, વળી કાળને ક્રોધ ઘેરાવેરે,
અતી લોભથી લક્ષ્મિ જાવેરે;—

ત્રણ દુશ્મનરે દેહ તણા બહુ ભારી, તમો સાંભળજો નરનારી.
બહુ મોહ થકી મન મ્હાલેરે, મદમસ્ત બનીને ચાલેરે;
મત્સર મહિંભવ બાળેરે;—

સંસારીરે દુશ્મન એ ષટ્ ભાઇ, કરો તેહની સાથ લડાઈ.
સજો ધર્મ તણી સહુ ઢાલોરે, ઇશ ભક્તિ તણો લ્યો ભાલોરે,
ભરો દિન દયાની નાળોરે;—

દ્રઢ મનથીરે સુબુદ્ધિની સજાવો, સમશેરની ધાર ચલાવો.
કરી માયા તણી વળી સ્વારીરે, વધ કરજો વૈરી ધારીરે;
થશો જ્ઞાનથી જયજય કારીરે;—

નીતિનીરે શુભ ધ્વજા ફરકાવો, ભવ જાળથી કાય બચાવો.
કંજૂસ કેરીજ કમાણીરે, આખર છે ધુળને ધાણીરે,
આ ક્ષણ ભંગુર દેહ જાણીરે;—

મરી જાવુંરે માયા સઘળી મેલી, નહિ આવે ઠાઠડીયે થેલી.
દેશે સર્વ સગાંઓ મેલીરે, વળી આગમાં દે હડસેલીરે,
જગનાથ વીના નવ બેલીરે;—

કેશવનીરે અરજી ઉરમાં ધરજો, ગઢ ભક્તિ તણા સહુ કરજો.-ગઢ

ૐ

શ્રી ડંકપુરાણ.

यो भक्त काम प्रति पूरणाय, द्वारावतीतः प्रभुरेकरात्रात् ।
समागमत् तत्साहितो दयालुः श्री डाकुरेशो वतु कामदोनः ॥

ભાવાર્થ-(ગીતિ)-ભક્ત મનોરથ પુરવા, દ્વારાપુરથી એક રાત્રી માં'વે,
ડાકોરનાથ દયાલુ, રક્ષણ કરજો વન્દુ હું ભાવે;

(સોરઠી—ગઝલ—હરિગીતમાં પણ ગવાશે.)

સૌનક પુછે સુતને કહો, વીસ્તારથી એવી કથા,
જે સાંભળીને પાપ સઘળાં, નષ્ટ થાયે અમ તણા;
સુતજી કહે સહુ સાંભળો, ઋણ છોડતા **રણછોડનું**,
પ્રેમે કહું વીસ્તારથી, સુમ્હાત્મ્ય શ્રી ડાકોરનું. ૧

અરજુન સુત અભિમન્યુને, યજ્ઞોપવિતધારણ કરી,
લઇ ભીમને સાથે અને, ચાલ્યા પ્રભુ દ્વારાપુરી;
આવ્યા જહાં ડંક્ષેત્રમાં, લાગી તૃષા ત્યાં ભીમને,
જળ ખાડમાં મારી ગદા, ગાજી રહી બહુ સીમતે. ૨

મુનિ ભક્તિથી મ્હાદેવનો, ચિરકાળ વાસો જ્યાં થતો,
(ત્યાં) જળ ખાડથી થોડા કદમ, ઋષિ ડંકનો આશ્રમ હતો;
મુનિજી સમાધીમાં હતા, તે શોરથી જાગૃત થયા,
ડંકમુનિ—(પ્રભુને પ્રણામ કરી)—
'ધન્યભાગ્ય મ્હારાં હે પ્રભો, આશ્રમ અહા પાવન કર્યાં'. ૩

મુનિ ડંક મ્હાદેવે પ્રભુને, અર્જ કરી રહેવા તણી,
ભગવાન–'તમ ધામ છે આ રમ્ય અહિં, વસવા સદા ઈચ્છા ઘણી;
કળિકાળમાં વાસો અહીં, ચિરકાળ તો થાશે નક્કી,
પ્રણમી પ્રભુ મ્હાદેવને, પહોંચ્યા જઈ દ્વારામતી. ૪

કળિકાળમાં ડંક્ષેત્ર તો, વસ્તી થકી થયું ગામડું,
તેમાં વસે નીર્ધન પ્રતાપી, નામ **બોડાણો** રૂડું;
નિજ નાર **ગંગાબાઈ** તે, પતિભક્તિમાં પૂરી સતી,
બેઉના હૃદયમાં કૃષ્ણજીની, પૂર્વની ભક્તિ હતી. ૫

સાધુ તણા સદ્‌બોધથી, યુવક પણે મ્હા વ્રત ગ્રહી,
તુલ્સીજ રોપી હસ્તમાં, જ્યારે ઉગે સુમંજરી;
ત્યારે જઈને દ્વારીકા, શ્રી રંગને અર્પણ કરે,
દર વર્ષમાં બે વખ્ત જઈ, તલ્લિન ભક્તિમાં રહે. ૬

એવી કઠીની ભક્તિ કરતાં, વર્ષ ત્યાસી વીતીયાં,
વૃદ્ધાપણું તો આવીયું ને, અંગ સૌ કંપીત થયાં;
છેલ્લી વખતની વીનતી, ભકતે કરી શ્રી રંગને,
બોડાણો–'ઓ નાથ મારા ભવ તણા, ઋણ છોડ મુક્તી દે મને. ૭

ચાલે ન કાયા જે થકી, તમ દર્શ થાશે કયાં ફરી,
છેલ્લી વખતની અર્જ સુણિ, ન્હારે ચડો વ્હાલા હરી;
વિન્તી કરી સ્વસ્થાન પ્રત્યે, ભક્ત જઈ નિંદ્રા લીયે,
રાત્રી મહીં નિજ ભક્તને, નિંદ્રા મહીં સ્વપ્નુ દીયે. ૮
ભગવાન–'દ્રઢ ભક્તિ તારી જોઇને, પ્રસન્ન થયો તુજ પર અતી,
રે ભક્ત તારી ભક્તિથી, તું માગ્ય તે આપું નક્કી;'

બોડાણો–'ચાલો પ્રભુ મુજ સાથમાં, એ વીણ ઇચ્છા કંઇ નથી,
ભગવાન–'ગાડું લઇને આવ જા, તુજ ગ્રામ આવું હું નક્કી.' ૯
એવું કહી નિજ ભક્તને, શ્રીરંગ અંતર્ધ્યાન થયા,
તવ ભક્ત ઉઠી હર્ષથી, નિજ ગ્રામ પ્રત્યે ચાલીયા;
સ્વગ્રામ પ્રત્યે આવીને, આપ્યા ખબર નિજ નારને,
થાતો બહુ તે હર્ષ ઘેલો, 'આવશે કિરતાર જે.' ૧૦

ગાડું બળદ સહુ લોક પાસે, માગવા તે નીકળ્યો,
નિર્ધનપણાથી ભક્તનો, વિશ્વાસ કો'એ નવ કર્યો;
ફરીયો બહુ પરભાતથી તે, સાંજ સુધી ગ્રામમાં,
છેવટ નિઃસાસા નાંખતો, બેઠો જઇ સ્વસ્થાનમાં. ૧૧

નીરાશ ભક્ત જોઇને, વ્હાલો વશ્યા કો દિલમાં,
ગાડું બળદ બે તો મળ્યા, જે જીર્ણ થ્યા સો વર્ષના;
બે જીર્ણ બેલો પૂર્વના, શ્રાપીત હતા વેદાન્તીયો,
શ્રાપિત હતો જીવાતમા, ગાડારૂપે જે તે બન્યો. ૧૨

તે શ્રાપથી અનુગ્રહ હતો, શ્રીકૃષ્ણના પદ સ્પર્શથી,
આવ્યો બોડાણો જોડીને, મહા મ્હેનતે દ્વારામતી;
જઇને કહ્યું શ્રીરંગને, 'આવ્યો છઉં ગાડું લઈ,'
આ વખ્ત પુરના લોક સહુ, બોલ્યા અતી વીસ્મય થઈ. ૧૩

પુરજનો–'તુલ્સી લઈ જે આવતો, તે આવીયો ગાડું લઇ,
રણછોડને ચોરી જવા, શું તેહની ઇચ્છા થઈ;
આવા ખબર રાજા અને, વિપ્રો સહુએ સાંભળ્યા,
રાત્રે સખત તાળાં દઇ ત્યાં, ચોકિ પ્હેરા રાખીયા. ૧૪

મધ્ય રાત્રિએ ગાડું લઇ, આવ્યો બોડાણો મંદિરે,
કિરતારની જ્યાં છે કૃપા ત્યાં, ચોકિ પ્હેરા શું કરે;
નિજ ભક્તના દ્વી હસ્ત જ્યાં, તે દ્વારને અડકી ગયા,
તાળાં ત્રુટયાં તડતડ તડાકે, દ્વાર સૈ ખુલ્લાં થયાં. ૧૫

નિજ ભક્તને ઋણછોડજી, ચાંપે હૃદયમાં પ્રેમથી,
બોડાણો–વનમાં જઈ યોગી મુનિ, જપ તપ કરે કષ્ટિત થઇ;
તો પણ અહા વ્હાલા પ્રભુ, તમ દર્શ દુર્લભ થાય છે,
તે દર્શ થયાં આ દાસને, ભવ જાળ ત્રુટી જાય છે. ૧૬

ચાલો કહી તેડયા પ્રભુ(ને), પધરાવીયા ગાડા મહીં,
તે વખ્ત સ્વર્ગીય દેવતાએ, પુષ્પની વૃષ્ટી કરી;
ગાડું પ્રભુના સ્પર્શથી ત્યાં, દીવ્ય રૂપે ચાલીયું,
ક્ષણ વારમાં ડાકોરથી, અધ કોષ છેટે આવીયું. ૧૭

ભકતે તપાસ્યું તે ક્ષણે, ડાકોર સીમે પ્હોંચીયા,
ક્ષણવાર ત્યાં વિશ્રામ લઇ, ડાકોર માંહી આવીયા;
શ્રાપીત થયેલા પૂર્વના, વેદાન્તીયોના આતમા,
તે કૃષ્ણ સ્પર્શે દીવ્યરૂપે, સ્વર્ગ માંહી સંચર્યા. ૧૮

નિજ ઘેર આવ્યે ભક્ત સ્રીએ, નાથનેજ વધાવીયા,
ફાટલ હતી જે ગોદડી પર, ઇષ્ટને પધરાવીયા;
ગંગા સતી થઈ હર્ષ ઘેલી, ઘેંશનું કુંડું ભરી,
પ્રાસાદ લાવી મુકીઓ, આરોગતા વ્હાલા હરી. ૧૯

સહુ લોકને ભકતે કહ્યું, 'શ્રી દ્વારિકાધીશ આવીઆ,'
નિર્ધન પ્રતાપી ભક્તની, હાંસી કરે સહુ લોક ત્યાં;

પરભાત થાતાં દ્વારિકામાં, જાણ થઇ સહુ લોકને,
રાજા પ્રજા દ્વિજ ગુગળી, રડતા મુકીને પોકરે. ૨૦

ગુગળી–'રૂઠયા નક્કી રણછોડજી, અમથી નહિ સેવા થઈ,
જીવન તણો હા દોર ત્રુટયો, હાય વસવું કયાં જઈ;

કર્તા–(તે ગુગળી સમ ડંકપુરના, સેવકો કરશો નહિ,
પારસમણીને સેવવા, પ્રેમે થકી ચૂકો નહિ. ૨૧
છે ધન્ય તમ ધનમાલને, છે ધન્ય તમ પરીવારને,
છે ધન્ય તમ માબાપને, છે ધન્ય તમ ઘરબારને;
તમ ચર્ણની રજ હું ચડાવું, પ્રેમથી મમ શિરપરે,
જો શુદ્ધ પ્રેમે સેવશો તો, ઋણથી મુક્તિ કરે. ૨૨

દિનનો દયાળુ પત્ર પુષ્પ, ફળ કિંવા તો જળ વડે,
જો પૂર્ણ પ્રેમે અર્પીએ તો, શર્ણમાં રાખી લીએ;
મણિ હેમના સિંહાસને, વસ્ત્રાભુષણ ધરતા નવા,
નવનીત સેવા મીષ્ટ મેવા, ઈષ્ટ જ્યાં આરોગતા. ૨૩
ત્યાગે સહુ નિજ ભકત પ્રેમે, વશ થઇ તે(ના) ગૃહ વસે,
ફાટેલ જૂની ગોદડી પર, ઘેંશ તો સ્વીકારી લ્યે;

ગુગળી–'તુલસી લઇ જે ભકત આવે, શ્રી હરી તે સાથ આ,'
લશ્કર લઈ રાજા અને, વિપ્રો સહુએ ચાલીયા. ૨૪

અધમાસમાં ડાકોરથી, અધ કોષ છેટે પ્હોંચીયા,

ભગવાન—ભક્ત તમારા દુશ્મનો, આજે નક્કી આવી ચડયા;
માટે છુપાવો ગોમતી જળ, માં મને તમ હસ્તથી,
માખન અને સાકર ધરી, તું ભક્ત જા સામો નક્કી. ૨૫

દ્વિન સ્વર થકી સ્તવી ઇષ્ટને, જળમાં લઇ પધરાવીયા;
પ્રભુ સ્પર્શથી જળ શુદ્ધ થયું, તે ગોમતી ગંગા બન્યા;
પ્રભુના વચનથી ભક્તજી, પ્રાસાદ લઇ સામા પળ્યા,
જોતાંજ શત્રુ બાણુ મારે, ભક્ત ધરણીપર ઢળ્યા. ૨૬

ઋણુ છોડ જય રણછોડ કહેતાં, પ્રાણ સ્વર્ગે સંચર્યા,
શત્રુ સહુ મૃત ભક્તને જો, તાં ઘણા ઉદાસ થયા;
આવ્યા પછી ડાકોરમાં, શોધ્યા સહુએ શ્રી હરી,
કો દુષ્ટના કહેવા થકી, શોધ્યા પ્રભુ જળમાં પડી. ૨૭

વિપ્રો અને રાજા વળી, લશ્કર સહુ તો ઉંચકે,
પણ ભક્તવશ ભગવાન ત્યાંથી, એક પણ ડગ નવ ખસે;
દ્વિજ ગુગળીની વીનતીથી, તે ક્ષણે જળમાં પડી,
ગંગા સતી તેડી પ્રભુને, બ્હાર કાંઠે લાવતી. ૨૮

સહુ લોક વિસ્મય પામીયા, 'ધન્યવાદ ગંગાબાઇ હો,'
ગંગાબાઈ—'મુજ વીનતી વિપ્રો સુણો, આ મૂર્તિ સમ સોનું ગ્રહો;'
વિપ્રો વિચારે મન વિષે, 'દેશેજ ક્યાંથી હેમ એ,'
માટે કહોને હા નક્કી, 'આ મૂર્તિ દ્યે ખુશી થતે.' ૨૯

તુલા કરી તવ ઇષ્ટની, મૂકી પિયરની વાલીને,
ત્યાં વાલમાં રતિ કમ થયા, રણછોડ શ્રી વનમાલી તે;
નીરાશ સહુ વિપ્રો થયા, રાજા તુરત ચાલ્યા ગયા,
છેવટ ધરી મન જ્ઞાન વિપ્રે, ઉગ્ર તપ તો આદર્યાં. ૩૦

(જ્યારે) થઇ શુદ્ધ બુદ્ધિ પૂર્ણ ભક્તિ, ભાવના વિપ્રો તણી,
(ત્યારે) ગંગા સતીને સ્વપ્નમાં સુ, પ્રેરણા પ્રભુએ કરી;

ગંગા—(વિપ્રોને)–'તમ ગામ પાસે વાવ જે, સાવીત્રિ નામે છે નક્કી,
ખટ માસ વીત્યે કાઢજો, આવી નીકળશે મૂરતી.' ૩૧

દ્વિજ ગુગળી અર્ધા ખુશી, થાતા ગયા નિજ ગ્રામમાં,
ત્રણ માસ વીત્યે મૂર્તિ કાઢી, સ્થાપતા તે ધામમાં;
ગંગા સતીએ શ્રી હરી(ને), નિજ ગૃહ વિષે પધરાવીયા,
ત્રણ વર્ષ સેવ્યા પ્રેમથી, ત્યાં પ્રાણ સ્વર્ગે સંચર્યા. ૩૨

બહુ વર્ષથી ડંકેશ્વરા, લયમાં પ્રભુ બીરાજતા,
વિપ્રો મહાલક્ષ્મી તણા, મંદીર માંહી સ્થાપતા;
ત્યાં ભક્ત તામ્રેકર તણા, દિલમાં વશ્યા રણછોડજી,
મંદીર ચણાવી પ્રેમથી, પધરાવીયા ઠાકોરજી. ૩૩

કર્તા:—ભકતો તણા આધીન થઇ, ભગવાન પૂરે કામના,
ગંગા બોડાણા ભક્તની, અમ્મર કરી છે નામના;
શ્રીગોડ ખેડાવાલ તપોધન, સેવતા પ્રેમે કરી,
આ ભવતણા ઋણ છોડ તું, ભક્તિ દીયે નિત્ય તાહરી. ૩૪

આ કાવ્યને નિત્યે ભણેથી, ઇષ્ટ પૂરે કોડ તો;
કેશવ કહે દિલથી વદો, જય જય પ્રભુ રણછોડજો.

બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારીકાધીશકી જય.

"બાર માસના ઉત્સવો."

(ગરૂડે ચડી આવજો ગીરીધારી—એ રાગની ઢબ.)

કહું દરવર્ષની ઉજીઆરી (૨), કરજો સ્હાય ગીરીવર ધારી;—કહું૦
પૂરી દ્વારામતી ત્યજી આવે (૨), ભક્ત બોડાણો પ્રેમથી લાવે;
રણછોડ પ્રભુ મન ભાવે.—દાદાજીના વર્ષની૦
આવ્યો **કારતક** માસ રૂપાળો (૨), અન્નકોટ ભરાય છે સારો;
ભાઈબીજનો દિન ઉજીઆરો.—વાલમજીના વર્ષની૦
આઠમ ગોપ તણી ઉજવાયે (૨), પ્રબોધીની એકાદશી આવે;
પુર્ણિમાયે શ્રીરંગ (દ્વારિકાથી) પધારે.—કૃષ્ણજીના વર્ષની૦
માગસર માસ આવ્યો મલકાતો (૨), શુભ સપ્તમીના દિનમાં તો;
ગોકુળ નાથનો ઉત્સવ થાતો.—મોહનજીના વર્ષની૦
વદી નોમ તણો દિન જ્યારે (૨), વીઠ્ઠલ નાથનો ઉત્સવ ત્યારે;
ધન સંક્રાંતી દોડતી આવે.—કનૈયાના વષની૦
પ્રભુ શ્યામ વસ્ત્રોથી શોભાયે (૨), મિષ્ટ ખીચડી ભોગ ધરાયે;
મકર સંક્રાંતિ **પોષમાં** થાયે.—વ્હાલાજીના વર્ષની૦
માઘ માસ આવ્યો મદમાતો (૨), વસંત પંચમી દિન ઉજવાતો;
પુર્ણિમાએ દાંડો રોપણ થાતો.—માધવજીના વર્ષની૦
વદ પંચમી છે રઢીઆળી (૨), મંદીરે બિરાજ્યા વનમાલી;
શ્રીજી ઉત્સવ સાતમે ભારી.—મુરારીના વર્ષની૦
ફાલ્ગુન પુનમ હુતાસનિ આવે (૨) પડવે ડોળ ઉત્સવ ઉજવાયે;
રંગ પાંચમે મંદિર ધોવાયે.—ગોવીંદજીના વર્ષની૦

આવ્યો **ચૈતર** ચકડોળે ચડતો (૨), પડવે સંવત્સર ઉત્સવ થાતો;
રામનોમનો દિન ઉજવાતો.—વીઠ્ઠલજીના વર્ષની૦
વદી એકાદશી આવી જ્યારે, (૨) શ્રી આચાર્ય મહાપ્રભુ(નો)ત્યારે;
તીથી ઉત્સવ તે દીન થાયે.—કાનાજીના વર્ષની૦
આવ્યો **વૈશાક** વન્ન વીહારી (૨), અક્ષય ત્રીજ બની ઉજીઆરી;
ધરે ચંદન અંગીરી ધારી.—મુકુંદજીના વર્ષની૦
દુધ ભાત સામગ્રી ધરાયે (૨), ગંગા સપ્તમી ઉત્સવ થાયે;
નરસીંહ જયંતી ઉજવાયે.—નૃસિંહજીના વર્ષની૦
જેઠ માસ આવ્યો ઝગમગતો (૨), ગંગા યમનાનો સંગમ થાતો;
યમ્ના દશમીનો દિન ઉજવાતો.—ભુધરજીના વર્ષની૦
પુર્ણીમા તણો દિન્ન થયો જ્યારે (૨), જયેષ્ઠા નક્ષત્ર હોય છે ત્યારે;
કેશર સ્નાન પ્રભુને કરાવે.—ત્રીકમજીના વર્ષની૦
અષાડ માસ આકાશેરે ગાજ્યો (૨), બીજે યાત્રા તણો રથ ચાલ્યો;
કસુંબા છઠ દિન ઉજવાયો.—લાલાજીના વર્ષની૦
દેવ શયની એકાદશી સારી (૨), પડવે ઝુલે હીંચે ગીરીધારી;
હરીઆળી અમાસ રૂપાળી.—બન્સીધરના વર્ષની૦
શ્રાવણ માસ શ્રવણ કરો સહુએ (૨), ઠકુરાણીની ત્રીજ કહુંરે;
પવીત્રાજ એકાદશી લહુંરે.—વીશ્વંભરના વર્ષની૦
પ્રભુ પારણું છ દીન ઝૂલાયે.—કંસારીના વર્ષની૦
ભાદરવે ભય કાપે મુરારી (૨), રાધા અષ્ટમી થઇ ઉજીયારી;
દાણ એકાદશી છેરે સારી.—રાધાવરના વર્ષની૦
વામન દ્વાદશી દિન ઉજવાયે (૨), પુર્ણીમાથી પંદર શ્રાદ્ધ થાયે;
પાંચમ હરરાય ઉત્સવ થાયે.—શ્રી હરજીના વર્ષની૦

આસો માસ અલૌકિક આવ્યો(૨), દસરા સ્વારીનો ઠાઠ ખીલાવ્યો;
શરદ પૂર્ણીનો દિન રઢીઆળો.—કેશવજીના વર્ષની૦
વાઘ દ્વાદશીને ધનતેરસ (૨), અભ્યંગ સ્નાન થાયે કાલીચૌદસ.
દીવા હાટડી દીપનો ઉત્સવ.—રણછોડજીના વર્ષની૦

(સોરઠી—ગઝલ.)

આવી દિવાળી ઓપતી, દાદા તણા દરબારમાં;
વસ્ત્રા અલંકારો સજી, દાદા ખીલ્યા ડાકોરમાં.
ભકતો તણા પ્રતિપાલ તું, દિલ્હના પુરે છે કોડ તો;
ચોભુજધરા શ્રી મનહરા, રે જગતનાં રણછોડજો.

બાર માસનો ઉત્સવ ગાયે (૨), **કેશવનાથને** શર્ણે તે જાયે;
બોલો જય જય **રણછોડરાયે**.—કહું દર વર્ષની ઉજીઆરી.
બોલો શ્રી રણછોડરાયકી જય; શ્રી દ્વારકાધીશકી જય.

(પ્રભુનું સોડસોપચારી માનસીક પુજાનું અષ્ટક.)

(સોરઠી—ગઝલ.)

જય વીશ્વપાલક દીનબંધુ, ભકત વત્સલ ઇષ્ટરે,
ભકતો તણી ભીડ ભાંગીને, કાપો સદાયે કષ્ટરે;
માનસ પુજા પ્રભુ આપની, આજે કરૂં હું ખંતથી,
હે ઇષ્ટ ડાકોરનાથ રણછોડ, રાય વન્દું પ્રેમથી. ૧
સુધ્યાન આસન પાદ્ય અર્ધ્ય, આચ્મનીય અર્પું હું,
પંચામૃતો ધૃત દૂધ દહીં મધ, સાકરોજ ચડાવું હું;
તિર્થો હીરણ્ય સમુદ્ર ગંગૂ, ગંધોદકોના સ્નાનથી.—હે ઇષ્ટ. ૨

વસ્ત્રો ધરાવું હે પ્રભો, **યજ્ઞોપવિત્**ધારણ કરો,
વળી અષ્ટ ગંધી ચંદનોનું, ભાલમાં તિલ્લક ધરો;
જુઈ જાઇના પુષ્પો અને, તુલ્સી ધરૂં રાધાપતી.–હે ઇષ્ટ. ૩
અક્ષત થકીજ ભરી દઉં, અબીલનેજ ગુલાલથી,
ધૂપો અને દીપો કરી, નૈવેદ્ય પીરસ્યું છે અતી;
અમૃતતણું જળપાન લ્યો, જમી કેશવ કમળાપતી.–હે ઇષ્ટ. ૪
મૂર્તી મધુરી પદ્મધારી, શંખ ચક્રને ગદા,
ભક્તો તણા કષ્ટો ઘણા, કાપે પ્રભુ તું સર્વદા;
તાંબુલ લ્યો લવીંગ સહ, કસ્તૂરીને એલાયચી.–હે ઇષ્ટ. ૫
કર્પૂર નીરાજન કરી, **પ્ર**દીક્ષણા પ્રેમે કરૂં,
સાચા પ્રભુ શ્રી શ્યામળા, સાષ્ટાંગ દંડવત્ત હું કરૂં;
શાસ્ત્રોક્ત મંત્રોને ભણી, હેતે ધરૂં પૂષ્પાંજલી.–હે ઇષ્ટ. ૬
સુગંધમય પુષ્પોતણો, ઝુલો કર્યો બ્હેકે અતી,
પોઢો પ્રભુજી આપને, હીંચોળું હું લક્ષ્મીપતી;
તુજ ગાન તાલ મૃદંગમાં, ગાઉં અતી ઉલ્લાસથી.–હે ઇષ્ટ. ૭
અષ્ટક પ્રભુ આ આપનું, કો જન મુખથી જો ભણે,
ડાકોરના રણછોડજી, પાપો બધાં તેહનાં હણે;
માનસ પુજા પ્રભુ આપની, માની લીયોને હે દેવ,
આ નાશમય સંસારમાં, ચાહું ચહું છું **કેશવ.**— ૮

વાંચો ! **વાંચીને ખરીદ કરો !**

જાહેર ખબર.

સર્વ હિંદુ જનોના કલ્યાણાર્થે:—

" શ્રી રણછોડ દર્શનિકા. "

એ નામનું સફાઈદાર કાગળોપર, સુંદર અક્ષરોથી, કપડાં વિન પાકાં પુંઠાંવાળું, શ્રી **રણછોડરાય** પ્રભુની સુંદર છબીવાળું, ભા રસથી ભરપુર પુસ્તક, છપાઈ બહાર પડી ચુકયું છે. જેમાં સાત ક રણે તથા સપ્તભૂમિકાઓ (પ્ર. ૧, જળવહનમાં વ્હેતી સુંદરીનો બાચ પ્ર–૨, કેશ્વાનંદનો ગૃહસ્થાશ્રમ. પ્ર–૩, તીર્થયાત્રા. પ્ર–૪, અલકે મુંબાપુરી. પ્ર–૫, સાકાર દેવનું પ્રતિપાદન. પ્ર–૬, ડંકપુર કિંવા ડાકે પ્ર–૭, મહારાજાધિરાજ શ્રી **રણછોડરાય.** તદુપરાંત નાટકી તર્જોની ઢબ પ્રમાણેનાં ભજનો, સાધારણ જ્ઞાનનાં વૃદ્ધ સ્ત્રી પુરૂષો સહેલાઈથી ગાઈ શકે તેવાં જુની પદ્ધતીનાં ધોળ પદોની ઢબ પ્રમાણેનાં ભજનો, તથા કવ્વાલી–ગઝલોનો ભંડાર ભરપુર ભરી, ડંકપુરની સંપૂર્ણ યાત્રાની માહિતી લખી તયાર કર્યું છે. તો શ્રી **રણછોડરાય** પ્રભુની કૃપા પ્રસાદીરૂપ આ પુસ્તક દરેક હિંદુ ભાઈઓ તથા બ્હેનોના ગૃહમાં નીત્યે વંચાવું જોઈએ. અને શ્રી **રણછોડરાય** પ્રભુના સદ્‌ભાવિક ભકતોએ તો અવસ્ય નીત્યે પઠન કરવાને રાખવું જોઈએ.

તો ઇચ્છાનુસાર આ પુસ્તકની પ્રત, નીચેને સીરનામેથી મંગાવી લેવા તસ્દી લેશોજી.

ન્યોચ્છાવર **રૂ.** ૦–૮–૦. વી. પી. ખર્ચ જૂદું.

લી. સર્વ શુભેચ્છક શ્રી **રણછોડરાય**નો દાસાનુદાસ,

કવી કેશવલાલ વિ. ત્રીભોવનદાસ ઓઝા (કુંડલાકર)

મુ. ડાકોર. ઠે. સ્ટેશનરોડ.

અમદાવાદ–ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.